Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું   વિક્રમ સંવત ૧૯૬૦—કારતક.   અંક ૪ થો.

## मनुष्यदेह पामीने शुं साध्युं ?

પદ્ય.

( નાથ કૈસે ગજકો બંધ છોડાઓ એ રાહ. )

કહો શું સાધ્યું માનવ તનુ ધારી,
પુણ્ય પાપ જુઓને વિચારી.— એ ટેક.

બાલાપણું વહી ગયું જુવાની, વહેતી વહે જેમ વારિ;
અંતરમાંહિ વિચારો ભવિકા, ફલ શું મલ્યું અવિકારી. કહો. ૧
રોગ જરા મૃત્યુનો માથે, ભય ગાજે છે ભારી;
આધિ ઉપાધિ અનંત વધે તે, સ્વલ્પ શક્યાં શું વિચારી. કહો. ૨
અલ્પજ્ઞાન અલ્પશક્તિ તમારી, દારિદ્રના દુઃખ ભારી;
મોહ અને મિથ્યાત્વ તણું બલ, સ્વલ્પ શક્યાં શું વિદારી. કહો. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવિધ કામનાથી વલવલતી, મનની વૃત્તિ વિકારી;
અરિહંત કેરા ચરણ કમલમાં, પ્રેમથી તે શું ઠારી. કહો. ૪
ભવ્ય ભાવના થાયે જેથી, અંતરમાં ભવહારી;
તેવો ગુણ સંપાદન કરીને, શું નિજ તનુ શણગારી. કહો. ૫
ધર્મ સાધનો તેવા કરે જીવ, થાય ન સ્વેચ્છાચારી;
તે કરવાને અંગ ઉમંગે, મનની ગતિ શું વધારી. કહો. ૬
આત્મતત્વ ચિંતન જે અવિચલ, સુખની સુંદર બારી;
ભવચિંતનને છોડી સત્વર, તેમાં શું બુદ્ધિ પ્રસારી. કહો. ૭
મન વચ કાયવડે ગુરૂસેવન, દે ભવપાર ઊતારી;
શુદ્ધ હૃદયથી આચરીને, તે લીધો શું જીવને તારી. કહો. ૮
ચારિત્ર ગુણની વૃદ્ધિ જે છે, આત્મતણી હિતકારી;
તે સાધવાને-ઉગ્ર પરીષહ, સહન કર્યા શું ભારી. કહો. ૯
માનવ ભવ લઇ ઇહ પરલોકે, સુકૃત કીર્ત્તિ ન ધારી;
માયા મોહમાં મલિન રહીને, ભારે જનની મારી. કહો. ૧૦

# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

## ( કલ્પિત કથાનક. )

આશ્વિન માસની દ્વિતીયાનો મંગલ મય પ્રાતઃકાલ છે. ગગન તળે શરદ પવન મંદ મંદ પ્રવર્ત્તે છે, પક્ષિગણ વૃક્ષોમાંથી જાગ્રત થઇ મધુરારવ સાથે પ્રભાતને વધાવે છે. પ્રકાશ અને અંધકારને ધાટું યુદ્ધ ચાલે છે, પૂર્વમાં તરણીના કંઠમાં કિરણમાલા આરોપાય છે. ધર્મસ્થાનોમાં અને શ્રાવક મંદિરોમાં સામાયિક તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિક્રમણના પવિત્ર મંત્રો જપાય છે. આસ્તિક આર્હતો ગુરુ પાસે ધર્મ વચન સાંભળવા તત્પર થાય છે. અને ચોમેર મંગલમય શાંતિ પ્રસરી રહી છે આ સમયે દિવ્ય રૂપ ધારી બે પુરૂષો આકાશ માર્ગે સામ સામા ચાલ્યા આવે છે. તેઓમાંથી એક શાંતમૂર્તિ પવિત્ર હૃદયથી પ્રકાશિત, તેજસ્વી અને ભવ્યાકૃતિ વાળો હતો. સંસાર, સ્નેહ, લક્ષ્મી, એશ્વર્ય, કીર્ત્તિ અને બીજી માયિક વસ્તુ પરનો પ્રેમ ભાવ તેણે ત્યજી દીધો હતો. સદબોધનો સુધાસ્રોત તેના નિર્મળ હૃદયમાં વ્હેતો હતો. સર્વજ્ઞ પ્રભુના પ્રવચન ને અનુસરી તેના હૃદયમાં સર્વદા ધર્મનીજ લગ્ની લાગી હતી. તે શમતારસથી શાંતિપતિનુંજ ચિંતવન કરતો હતો. તે તેનેજ જોતો, વંદતો, પ્રાર્થતો ગાતો અને તેનું તાદાત્મ્ય-તાદ્રૂપ્ય મેળવવા યત્ન કરતો હતો.

બીજો પવિત્ર, શાંત તથા ઉગ્ર તેજથી પ્રકાશિત. વેશથી સુશોભિત, સદાગ્રહી અને રમણીય આકૃતિ વાલો હતો. માયિક વસ્તુઓપર પ્રીતિવાલો છતાં તેની ઉપેક્ષા રાખતો હતો. તેનું હૃદય રાગી છતાં વિરાગ ને માન આપતો હતો. પોતે વૈભવથી સેવ્ય છતાં સેવક ધર્મનો શોખી હતો. અને સર્વદા ભકિતરસનો ભોગી હતો.

તેઓ બંને સામ સામા મલ્યાં. એક બીજાને પરસ્પર ઓલખી લીધા. પ્રેમથી લઘુએ ગુરૂને વંદન કર્યું. ગુરૂએ અંતરથી કલ્યાણમય ધર્મના લાભની આશીષ આપી. થોડીવાર સુધી આત્મચિંતન કરી તેઓ વચ્ચે નીચે પ્રમાણે વાર્ત્તાલાપ શરૂ થયો.

**યતિધર્મ**— ભદ્ર, તમે ક્યાંથી આવો છો? ક્યાં જાઓ છો? અને તમારા મુખપર હર્ષ અને શોક કેમ જણાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રાવકધર્મ**—મહારાજ, હું સાંપ્રત કાળની રાજધાનીમાં જૈન મહા સમાજના દર્શન કરવાને આવ્યો હતો. ચાર દિવસ સુધી તેની સર્વ ક્રિયા જોઈ આજે સ્વસ્થાન પ્રત્યે જતાં અહિં આપના પવિત્ર દર્શન અકસ્માત્ થઇ ગયા. મને હર્ષ અને શોક થવાનું કારણ ઘણું ગંભીર છે. તે આપને પછી જણાવીશ. પણ આપ કયાંથી આવો છો? અને હવે વિહારથી કયા પ્રદેશને પવિત્ર કરવા ઇચ્છો છો?

**યતિધર્મ**—હું પણ તમારી જેમ ભારતવર્ષની જૈન સમાજ જોવાને આવ્યો હતો. અંતરીક્ષના એક ભાગમાં રહી તેની ઉત્તમ ક્રિયા જોવામાંજ તલ્લીન થયેલા આપણ બંને એક બીજાને જોઈ શક્યા નથી. ભદ્ર, જો તમને કાંઇ બાધ ન હોય તો તમારા હર્ષ શોકનું સત્ય કારણ જણાવશો.

**શ્રાવકધર્મ**—ભગવન્, આ ભરત ક્ષેત્રની સમગ્ર જૈનપ્રજા એકત્ર થઇ પોતાનો પ્રાચીન ઉદય મેલવવા યત્ન કરે, પૂર્વની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના લુપ્ત થયેલા સાધનો પુનઃ સંપાદન કરે, જૈનોની જે જ્ઞાન સમૃદ્ધિ આખા ભારતમાં પૂર્ણકલાથી પ્રકાશતી હતી તેને પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે, મધ્યકાલે પાંચમા આરાના પ્રભાવે જે કુધારા, કલેશ, કલહ અને મિથ્યાત્વનું ગાઢ અંધકાર વ્યાપ્યું છે તેને વિદારણ કરે અને પોતાના સનાતન ધર્મની આબાદી સાથે સર્વ જાતના સુખ સાધે—એવું કાર્ય કરતાં દેખી મને અપાર હર્ષ થયો છે. તેમના સર્વ કાર્યોને કોન્ફરન્સ પાર પાડશે. કલ્યાણમયી કોન્ફરન્સના પ્રતાપે આપણા બંનેનો પણ ઉદય થશે. પૂર્વકાલે જાહોઝલાલીથી પૂર્ણ ધાર્મિક વૈભવનું સ્થાનરૂપ અને ભારતની વ્યાપાર કલાનો આધારભૂત જે જૈન પ્રજા આજે જ્ઞાનની સર્વ વિભૂતિથી વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ થઇ જેવી રાંકડી, દીન, અજ્ઞ, નિસ્તેજ દેખાય છે. મિથ્યાત્વના આશ્રયથી કૃષ્ણ પક્ષની ચૌદશના ચંદ્રની જેમ દર્શન દેછે. તેનામાં આજે મલિન સંસ્કાર વ્યાપી રહ્યા છે; હાનિકારક રીવાજો દાખલ થયા છે, ગરીબ વર્ગ વધતો જાય છે, શુભ ખાતાઓ અવ્યવસ્થિતપણે ચાલે છે, ઉદારતા, અચળતા, ધર્માભિમાન, જ્ઞાનવૃદ્ધિમાં ઉત્સાહી પણું નિરાશ્રિતને સહાય--એ સર્વ ગુણો શ્રીમંતોમાંથી લોપ થતા જાય છે. તેમનો ઘણો ભાગ અજ્ઞ, કાયર, મોજીલો અને સ્વાર્થી છે. કોઈ કોઈ વાર તો તેવા શ્રીમંતોને જોઈને એમ શંકા થયા વિના રહે જ નહીં, કે જેઓના વડિલોએ અમોઘ વીર્ય ધરી જૈનના મહત્ અદ્ભુત ધાર્મિક કાર્યો કીધા છે, તેઓના આ વંશજો હશે ખરા ? આવા વિચારથી મને શોક થાય છે.

**યતિધર્મ**—ભદ્ર, હવે શોક થવાનું કાંઈ કારણ નથી. જૈન કોન્ફરન્સનો વિજયી સમાજ જોયો છે. જૈનોની પરસ્પરની ઐક્યતાની ખામી હતી, જે ખામી વર્ષોના વર્ષો થયા પણ સુધરી ન હતી તે આ કોન્ફરન્સના વિજયમાં સુધરી છે. કોન્ફરન્સની સ્થાપના એ જૈનના ઇતિહાસમાં એક અપૂર્વ યશસ્વી પ્રસંગ છે. તેમાં સિદ્ધ થયેલા ઠરાવો જૈનોની ધર્મની કીર્ત્તિકલાના ઉત્સાહીપણાથી ભરેલા લેખ છે. હવે આપણા ઉદય માટે હૃદયભગ્ન થવા જેવું નથી. જૈનોના ઉદયનો રવિ ઉદયાચળના શિખર ઉપર આવ્યો છે.

**શ્રાવકધર્મ**—ભગવન્! તે વાત સત્ય છે. પણ હજુ હૃદયમાં વિશ્વાસ આવતો નથી. આર્ય પ્રજા આરંભશૂર છે. ભારતની રાજધાની મુંબાપુરી પ્રવૃત્તિ માર્ગની નવીન ભૂમિકા છે, તેથી ત્યાંના ઉત્સાહી નરોએ કોન્ફરન્સને ભવ્ય દેખાવમાં મુકેલી છે. પણ હવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી તે ઉત્સાહ તેવીજ સ્થિતિમાં કાયમ જાગ્રત રહે એ શંકાસ્પદ છે. ક્ષીર્તિધર્મને માનનારા, આત્મસત્તાના અભિમાની તથા ધનવ્યય-ના લોભી કેટલાએક શ્રીમંતો કોન્ફરન્સની પવિત્ર ભક્તિમાં અચલ રહેશે નહીં. તેવા વિચારથી મને શોક થયા કરે છે. કૃપાળુ શાસનાધિનાયક પ્રત્યે એટલીજ પ્રાર્થના છે કે, પરમ પ્રભાવિક અને જૈનના જયને જન્મ આપનારી આ કોન્ફરન્સ સદા વિજયી રહે અને મી. ઢઢ્ઢાની જેમ તેની ભક્તિની ભાવના સર્વના હૃદયમાં સર્વદા જાગ્રત રહે.

અપૂર્ણ.

## ષટ્દર્શનોનું કમિશન.

(ગયા અંકના પૃષ્ઠ ૩૦થી ચાલુ.)

શ્રી સચ્ચિદાનંદ મહાત્માની રૂબરૂ બૌદ્ધદર્શને પેતાની જુબાની આપતા જણાવ્યું કે, ભગવન્, આગળ કહેલા ચાર પ્રકારના આર્ય સત્યમાં પ્રથમ દુઃખતત્વના ભેદરૂપ પાંચ સ્કંધનું સ્વરૂપ એ પ્રમાણે છે. આર્ય સત્યનો બીજો ભેદ સમુદય તત્વ તે પંચસ્કંધરૂપ દુઃખ તત્વનું કારણરૂપ છે. જગતમાં જેટલો રાગ, દ્વેષ વિગેરે દોષનો સમૂહ ઉદય પામે છે અને 'હું અને મારૂં, એવો ગાઢ અહંભાવ તથા મમત્વ દેખાય છે, તે બધો સમુદય તત્વનો પ્રભાવ છે. આથી એમ સિદ્ધ થયું કે, આર્યસત્યના પેલા બે ભેદ દુઃખતત્વ અને સમુદયતત્વ–બંને આ સંસારની પ્રવૃત્તિના નિમિત્તરૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્ય સત્યના બાકીના બે ભેદ **માર્ગતત્વ અને નિરોધતત્વ** છે. આ બંને દુઃખ અને સમુદયતત્વ ના વિરોધી છે. 'સર્વ પદાર્થો ક્ષણિક છે' અને આત્મા છે નહીં' એવી વાસના જેમાં બંધાઇછે તેનું નામ **માર્ગતત્વ** કહેવાય છે. 'સર્વ પદાર્થો ક્ષણિક છે' એ વાત મારા દર્શનમાં સારી રીતે સિદ્ધ કરી છે અને તે ઉપર જો કોઇ આક્ષેપ કરે તો હું તેને પરાસ્ત કરવા સમર્થ થાઉં છું.

થોડા વખત પેહેલા કોઇ વાદીની સાથે તે વિષે જે મેં વિવાદ કર્યો હતો તે હું આ વખતે આપની પાસે નિવેદન કરૂં છું.

કોઇ વિદ્વાન્ વાદીએ આવી મને કહ્યું કે, તમારા માર્ગતત્વમાં પદાર્થોને ક્ષણિક માન્યા છે, તે કેવી રીતે ? મેં તેને પ્રશ્ન કર્યો કે, પોતાના કારણથી કાર્યરૂપે ઉત્પન્ન થયેલા સર્વ પદાર્થો વિનાશી સ્વભાવ વાળા થાય છે કે નિત્ય સ્વભાવી ?

પૂર્વપક્ષ—નિત્યસ્વભાવી.

ઉત્તરપક્ષ—જો નિત્ય સ્વભાવી કહેશો તો તે અર્થક્રિયા કરવામાં પ્રવૃત્તિ કરી શકશે કારણકે, જેનાથી અર્થક્રિયા સંભવે તે પરમાર્થ સત્ એટલે નિત્ય સ્વભાવી કહેવાય છે. તો તેવો પદાર્થ અર્થક્રિયા કરવા ક્રમે કરી પ્રવર્ત્તે છેકે એકી સાથે પ્રવર્ત્તે છે ?

પૂર્વપક્ષ—ક્રમે કરી પ્રવર્ત્તે છે.

ઉત્તરપક્ષ—જો ક્રમે કરી પ્રવર્ત્તે છે તો જે વખતે તે પદાર્થ એક અર્થક્રિયા સિદ્ધ કરે છે તે વખતે તેનામાં બીજી અર્થક્રિયા સાધવાનો સ્વભાવ છેકે નહીં ?

પૂર્વપક્ષ—હા તેનામાં બીજી અર્થક્રિયા સાધવાનો સ્વભાવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉતરપક્ષ—ત્યારે પછી ક્રમે કરી અર્થક્રિયા સાધે છે એમ માનવાનું પ્રયોજન શું ?

પૂર્વપક્ષ—તેની સાથે રહેનારી (સહકારી) બીજી સામગ્રીની અપેક્ષા લઇ તે ક્રમે કરી અર્થક્રિયા કરે છે, એમ માનવાનું પ્રયોજન છે.

ઉત્તરપક્ષ—તે સાથે રહેનારી સામગ્રી એવા નિત્ય પદાર્થને કાંઇ ઉપકાર કરે છે કે નહીં ?

પૂર્વપક્ષ—ઉપકાર કરે છે.

ઉત્તરપક્ષ—તે પૂર્વ સ્વભાવનો ત્યાગ કરાવીને કરે છે કે કરાવ્યા વિના ?

પૂર્વપક્ષ—પૂર્વસ્વભાવનો ત્યાગ કરાવીને કરે છે.

ઉત્તરપક્ષ—ત્યારે તો પદાર્થની નિત્યાવસ્થામાં ફેર પડશે અને તેથી પદાર્થની અનિત્યતા માનવી પડશે.

પૂર્વપક્ષ—નહીં નહીં તો એમ કહીશું કે, પૂર્વસ્વભાવનો ત્યાગ કરાવ્યા વિના કરે છે.

ઉત્તરપક્ષ—ત્યારે એવા નિત્ય પદાર્થને સહકારીથી કશો ઉપકાર થયો નહીં તો પછી સહકારી માનવાની શી જરૂર ?

પૂર્વપક્ષ—કદિ સહકારી તેવા પદાર્થને કાંઈ ઉપકાર ન કરે પણ તે અમુક કાર્યને માટે પદાર્થને તેની અપેક્ષા રાખવી પડે.

ઉત્તરપક્ષ—તે વાત ઘટે નહીં. જે કાંઈ કરી શકતું હોય તેની અપેક્ષા રખાય પણ જે કેવળ નકામું છે તેથી અપેક્ષા કોણ રાખે ? તો હવે તમારા માનવા પ્રમાણે સહકારી સામગ્રીની અપેક્ષાએ કોઇ પદાર્થ ક્રમવડે અર્થક્રિયા કરે છે, એ વાત સિદ્ધ થઈ શકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં. એટલે હવે એમ કહોકે પ્રથમ અર્થક્રિયા કરવાને સમયે પદાર્થને અન્ય અર્થક્રિયા કરવાનો સ્વભાવ નથીજ. તેથી "કોઇ પદાર્થ નિત્ય સ્વભાવી નથી" એ વાત સ્પષ્ટ થાય છે.

અપૂર્ણ.

# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્ત્તા.

**[1]निषापहारं मणिमौषधानि मंत्रं समुद्दिश्य रसायनं च ।**
**भ्राम्यंत्यहो न त्वमिति स्मरंति पर्यायनामानि तवैव तानि ।।१।।**

## પ્રકરણ ૧ લું.

### ગિરિ નિવાસમાં ચિંતા.

શરદ ઋતુની પૂર્ણિમાની રાત્રિ હતી. ચંદ્રિકા પૂર્ણ રંગથી આકાશને રંગતી હતી. પાહાડી પશુ પક્ષીઓ પોત પોતાના માળામાં ભરાઇ નિદ્રા કરતા હતાં. સર્વ સ્થળે સંપૂર્ણ શાંતિ પ્રસરી રહી હતી. ચંદ્રકિરણથી સરિતાનું વારિ રૂપાની પ્રવાહી ધારાની પેઠે ઘણું સુંદર દેખાતું હતું. આ વખતે એક લઘુ વયનો યુવક એકલો ત્યાં આવી બેઠો છે. તે મનમાં વિચારવા લાગ્યો. "આ સુંદર રાત્રિ છે, આ

૧ "હે પ્રભુ, વિષ ઉતારવાને મણિ, ઔષધ, મંત્ર અને રસાયણ સેવવા સર્વ પ્રાણીઓ ભમ્યા કરે છે પણ તે વખતે તમારૂં સ્મરણ કરતા નથી. તે બધા તમારા નામના પર્યાય નામ છે." धनंजय.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ્રનો પ્રકાશ છે, આ મનોહર કુદરત છે, મારા હૃદયમાં આજે કેટલીક આશા ઊત્પન્ન થાય છે; પરંતુ તેની નિવૃત્તિ ક્યાં છે? આ નિર્જન ગિરિમાં કેદીની પેઠે રહ્યો છું. ચિંતાના દઢ વાસમાં સપડાયો છું. હવે શું કરવું? ક્યાં જવું? કોનું શરણ સેવુ? આ પ્રમાણે ચિંતામાંજ શરદની રાત્રિ વીતી ગઈ. સૂર્યના ચતુર સારથિ અરૂણે પોતાનો રથ આગળ ધર્યો. બધી રાત પ્રગાદમાં પડેલા પક્ષીઓ જાગ્રત થવા લાગ્યા. પ્રભાતનો શીતલ પવન કમલવનને જગાડી સુખ સ્પર્શ કરવા લાગ્યો. આ લઘુ યુવક નિદ્રાનું વિષ સહન કરી ઝરણાના જળથી શૌચ ક્રિયા કરી સ્વસ્થ થયો પણ માનસી અવસ્થામાં સ્વસ્થ હતો નહિં. થોડી વાર પછી તે યુવક પાછો વિચારના વમલમાં પડયો. "મારા હૃદયમાં પવિત્ર વાસનાનો મોટો પ્રવાહ ચાલે છે, ઘણી પવિત્ર આકાંક્ષાઓ ઊદ્ભવે છે. હવે પિંજરામાં પૂરેલા પક્ષીની પેઠે અહીં રહેવામાં શું સુખ છે. પાષાણ ઉપર પુષ્પ વિકાશ થતો નથી. માત પિતાનું હૃદય પાષાણ જેવું સખ્ત છે, પવિત્ર વાસનાનું કોમલ પુષ્પ તેમાં શી રીતે ખીલે? બીજી તરફ પ્રેમઘેલી પ્રિયાને શી રીતે સમજાવવી. તેણીનું હૃદય ધર્મ વાસનાથી વાસિત છે. સતી વ્રતના સર્વ સંસ્કારોથી સંસ્કૃત છે પણ તે યૌવન વનની વિહારિણી છે. તેની ઉપર તારૂણ્ય વયના તરંગો ઊછલી રહ્યા છે. તેથી તેનામાં ધર્મની વાસના શી રીતે પ્રબલ થાય? અને મારા અંતરનું સંકષ્ટ શી રીતે ટળે?

આ પ્રમાણે આ યુવક ચિંતવતો હતો તેવામાં પડખેની ખીણમાંથી એક બીજો પુરૂષ આવતો દેખાયો. તેનો પોશાક સાધારણ સ્થિતિના ગૃહસ્થ જેવો હવો. આકૃતિમાં શાંતિ અને પ્રૌઢતા દેખાતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. તેની મુખ મુદ્રા ઊપર તીવ્ર બુદ્ધિના અંકુરો સ્ફુરી રહ્યા હતા. તેનામાં ધૈર્ય, ઊદ્યોગ અને સાહસ એકસાથે વાસ કરી રહ્યા હોય તેમ ચતુર દ્રષ્ટાઓ જોઇ શકતા હતા. નજિક આવતાં તેની દ્રષ્ટિ આ યુવક ઊપર પડી અને તે સાથેજ તેઓએ પરસ્પર વિનય પૂર્વક પ્રણામ કર્યા. આવા નિર્જન પ્રદેશમાં આ તેજસ્વી યુવકને જોઇ તે આગંતુક પુરૂષ ચકિત થઈ વિચારમાં પડયો. તત્કાલ તે નમ્રતાથી બોલ્યો—ભાઇ, તમે કોણ છો? તમારી આકૃતિ આ પ્રદેશમાં વસવાને યોગ્ય નથી, તે છતાં અહીં આવવાનું શું કારણ છે?

બાલયુવક બોલ્યો—ભાઇ, મારી મનોવૃતિમાં રહેલી ગુપ્તચિંતા હું કોઈની પાસે પ્રગટ કરી શકું તેમ નથી. મારા ચિંતાગ્નિને શમાવાનું કોઇ સાધન મારા જોવામાં આવતું નથી. કર્મની વિચિત્રતા ઉપર વિશ્વાસ હોવાથી ચિંતાના અવસાન કાલની રાહ જોઈ બેઠો છું અને વીરપરમાત્માના શાસનની શીતળ છાયાનું શરણ લઇ કાલ નિર્ગમન કરૂં છું.

આવેલો માણસ આશ્ચર્ય પામી બોલ્યો ભાઈ, વીરપરમાત્માનું નામ સાંભળી તમે કોઇ શ્રાવકના કુમાર છો એમ નિશ્ચય થાય છે વળી ભાષા અને દેખાવ ઉપરથી સૌરાષ્ટ્રના વતની જણાઓછો. આપની ચિંતા ગુપ્ત છે પણ જ્યાંસુધી તે કોઇની પાસે પ્રગટ કરશો નહીં; ત્યાંસુધી તેનો ભયંકર ભાર ઓછો થશે નહીં. ચિંતાગ્નિને શમાવવાનું મુખ્ય સાધન આપ્તજન સુહૃદ અથવા મિત્ર છે. આ ગિરિવાસમાં તેવા આપ્તજન, સુહૃદ કે મિત્ર મળવા અશકય છે, દૈવયોગે કોઈ કાર્યપ્રસંગે હું અહીં આવી ચડયો છું. હું પણ તમારો સાધર્મી બંધુ શ્રાવક છું. વીરપરમાત્માના મહત્ શાસનનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવક છું. હવે જુદાઈ રાખશો નહીં. શ્રાવકના ઊચિત વ્રતને યથા-શક્તિ ધારણ કરવા પ્રયત્ન કરનાર આ માણસ તમારાથી અભિન્નછે, એમ માનજો. મૈત્રી ભાવનાથી તો સર્વ પ્રાણીઓ પણ આપણા મિત્ર છે તો આપણી મિત્રતામાં શો વાંધો છે ? માટે મારીપર દૃઢ વિશ્વાસ રાખી તમારી ચિંતા જણાવો અને તેનો ભાગદાર કરી સાધર્મીને સહાય કરવાનું મહત્ પુણ્ય ઊપાર્જન કરવામાં મને સહાય આપો.

તે પુરૂષના આવા મધુર વચનો સાંભળી યુવકના ચિંતાતુર હૃદયમાં શાંતિની શિતળ છાયા છવાઇ રહી. ચિંતાગ્નિની પ્રજ્વલિત જ્વાલા તેવારે નિર્વાણ પામ્યા જેવી થઇ ગઈ. અતુલઆશ્વાસન પ્રાપ્ત થયું. તેની સાથે ભવ્ય ભ્રાતૃભાવ પ્રગટ થયો. મુખમુદ્રાપર ચિંતાના અંકુરો હર્ષના અંકુર થઈ ગયા.

હૃદયને વિશ્વાસના આસનપર બેસારી યુવક બોલ્યો—ધર્મ બંધુ, સૌરાષ્ટ્રની પ્રખ્યાત ધર્મ રાજધાની વલ્લભિપુરનો હું વતની છું. જ્ઞાતે વીશા શ્રીમાળી વણિક છું. મારૂં નામ ચંકારચંદ્ર છે પણ મારા પુત્રવત્સલ પિતા '**ચિંતામણિ**' કહી બોલાવે છે. મારા પિતાનું નામ અમૃતચંદ્ર છે. માતાનું નામ યતના (જતન) છે. અમારૂં કુટુંબ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પ્રખ્યાત છે. મારા પિતા સ-રાફના વ્યાપારીછે, અને ત્યાંના જૈન સંઘના અગ્રેસર છે. અમારી ત-રફ વિહાર કરી આવતાં મુનિઓની વૈયાવચ્ચ કરવામાં અમારૂં કુટુંબ આગલ પડે છે. ધર્મના સર્વ કાર્યોની વ્યવસ્થા કરવાથી અને વિદે-શી ધાર્મિક શ્રાવકોની સાથે તે સંબંધી પત્ર વ્યવહાર રાખવાથી મારા પિતાની ધર્મકીર્ત્તિ ઘણા દેશોમાં પ્રસરી છે. મારી પ્રિય બેન વિદ્યા-કુંવર વિધવા થવાથી દીક્ષા લઇ સાધ્વી થઇ છે. તેનું નામ 'વિદ્યાશ્રી'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તે ગુજરાતમાં ગુરૂણીજી પ્રમોદશ્રીના આશ્રય તલે વિહરે છે. પ્રમોદશ્રીએ પોતાના પવિત્ર ઉપદેશથી સાધ્વીઓનું મોટું વૃંદ ઊભું કરેલુ છે. સૌરાષ્ટ્ર, ગુજરાત અને મારવાડની ઘણી સધવા અને વિધવાઓ તેમાં સામેલ થઈ છે. આ પ્રમાણે મારા કુટુંબની વર્તમાન સ્થિતિ છે.

થોડા વખત પેહેલા **વિમલવિજય** નામના એક મુનિ વલ્લભિપુરમાં આવી ચાતુર્માસ્ય રહ્યા હતા. એ મહાશય અને પવિત્ર મુનિ જૈનશાસ્ત્રમાં પંડિત હતા. તેમના સમાગમથી વલ્લભીપુરની જૈન પ્રજામાં ધર્મની છાપ સારી પડતી હતી. તેમની દેશનામાં ધર્મનું ગૌરવ ગર્જનાથી વધતું હતું. વાગ્માધુર્યનો રસભરિત પ્રવાહ તેમના સુકંઠમાંથી વહેતો હતો. વ્હાલા ધર્મબંધુ! વધારે શું કહું જ્યારે તેઓ વૈરાગ્યની દેશના આપતા ત્યારે સંસારી શ્રોતાઓ પોતાની દૃઢ રાગિણી મનોવૃત્તિ છતાં પણ કર્મરૂપ રજ્જુથી બંધાએલી સંસારની સાંકલને તોડવાનો મહાન્ યત્ન કરતા હતા.

આ શાસ્ત્રપ્રવીણ સાધુરાજને **વિચારવિજય** તથા **ક્ષમાવિજય** નામે બે શિષ્યો હતા. ક્ષમાવિજય વય અને દીક્ષામાં લઘુ હતા તથાપિ અભ્યાસમાં લઘુ ન હતા. તેમની પ્રવૃત્તિ સર્વદા સ્વાધ્યાય ધ્યાનમાંજ મગ્ન રહેતી. ચારિત્રના ગૌરવ ભરેલા ગુણો તેમનામાં ગાજતા હતા. જ્ઞાનભક્તિ, વિનય, અને ગુરૂસેવા વિગેરે ચારિત્રના ચલકતા અલંકારો તેમણે પહેર્યા હતા. સંવેગની સુંદર શોભાથી તેઓ સુશોભિત હતા. તેમનું નિર્મળ હૃદય કલેશરહિત અને સમદર્શી હતું. બીજાના દુઃખને જોઈ પુષ્પ કરતાં પણ વિશેષ મૃદુ ભાવને પામતું હતું, તથાપિ પરીષહોને સહન કરવામાં વજ્ર કરતાં પણ કઠણ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રિય વાંચનાર! પૂર્વ પુણ્યના પ્રભાવથી જો તું શુદ્ધ શ્રાવક થયો હો, જૈન ધર્મની પવિત્ર છાપનો સંપૂર્ણ અધિકારી થયો હો, તો આવા ગુણી ગુરૂની સેવા કરજે. મન, વચન અને કાયાથી તેમની ભાગ્ય દાયક ભક્તિ કરજે. એવા સર્વોત્તમ ગુરૂ તારામાં શુદ્ધ સમ્યકત્વ સ્થાપિત કરશે, તારી ચંચલ વૃત્તિને આત્મચિંતનમાં તલ્લીન કરાવશે; સર્વ પ્રાણી ઊપર તારી મૈત્રી ભાવના જાગ્રત રખાવશે, તારા વ્યવહાર માર્ગમાં ધર્મસાથે નીતિની કલા આરૂઢ કરશે અને છેવટે એ ક્ષમાપારાવાર, નિરવાધિકૃપાગાર, મહાન્ ગુરૂ તને આ ચિંતા કલ્લોલથી ભરપૂર એવા ભવસાગરમાંથી તારી લેશે.

તેમના મોટા શિષ્ય **વિચારવિજય** ક્ષમાવિજયથી વય અને દીક્ષામાં મોટા હતા. આ વિચારશીલ મુનિનું નામ તેમના ગુણ અને કર્મને અનુસરતું હતું. તેમના વિચારોની શ્રેણી સ્વાધ્યાય ધ્યાન કરતાં બીજા માર્ગોમાં વધારે દોડતી હતી. ગમે તેવા મુનિ ગુણી કે નિર્ગુણી હોય પણ શ્રાવક તેમની નિંદા કરવી યોગ્ય નથી. જોકે સાધુની સુધારણા કરવાનો અધિકાર સંઘને છે અને ચતુર્વિધ સંઘમાં શ્રાવકવ્યક્તિ આવી જાય છે, તથાપિ આવખતે નિંદાના લેખ લખવા મારી ચપલ લેખનીને અટકાવું છું. ટુંકામાં એટલું તો કહેવું પડશે કે, મુનિ વિચારવિજય પતિત ભિક્ષુક જાતિમાંથી આવ્યા હતા, તેથી ઉત્તમ કુલના સંસ્કાર તેમને મળી શક્યા ન હતા. ચારિત્રના ઊજ્વલ રંગથી રંગિત થયા ન હતા. અભિમાનના યોગે મનોવૃત્તિ સાંકડી થઇ ગઈ હતી. અભિમાનના વિચારોને સેવનાર મનુષ્યનું જીવન સંકુચિત થઈ જાય છે. આથી કરીને વિદ્યા ગુણની વૃદ્ધિ, તત્વદ્રષ્ટિનો વિકાશ, સત્પુરૂષોના વચનોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રવણ મનન, ગુરૂ પ્રત્યે વિનયપૂર્વક શુશ્રુષા અને કષાયનો વિજય ઇત્યાદિ ચારિત્રના ગુણો તેમનાથી દૂર રહેતા હતા. જૈન પ્રખ્યાત કવિ આનંદનો નીચેનો શ્લોક તે સ્વાધ્યાયરહિત વિચારવિજયના વાંચવામાં ક્યાંથી આવ્યો હોય ?

दुष्पापं मकराकरे करतलाद्रत्नं निमग्नं यथा
संसारेऽत्र तथा नरत्वमथ तत्प्राप्तं मया निर्मलम् ।
आप्तः पश्य विमूढतां मम हहा नीतं यदेतन्मुधा
कामक्रोधकुबोधमत्सरकुधीमायामहामोहतः ॥२॥

## શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

વિક્રમ સંવત્ ૧૨૨૬માં ગુર્જરદેશ જૈન ધર્મના વિજયધ્વનિથી ગાજતો હતો. ગુર્જર રાજધાની પાટણ પુરીના રાજપાટ ઉપર ગુર્જરપતિ રાજાઓના રાજતિલક જિન પ્રતિમાની પૂજાના પ્રસાદ રૂપ કેશર ચંદનના થતા હતા. રાજમેહેલની-દિવાલોમાં પ્રભાત અને સાયંકાલે પ્રતિક્રમણના પવિત્ર પાઠના પ્રતિધ્વનિ પડતા હતા. રાજ્યના સિંહાસનની દક્ષિણ તરફ જૈન પંડિતોના આસનો ગોઠવાતા હતા. અહર્નિશ જોષીઓના પંચાંગમાં ચૈત્ય, ઉપાશ્રય, ઔષધશાલા અને જ્ઞાનશાલાના ખાતમુહૂર્તો ખોળાતા હતા. અને રાજ્યના કાર્યાલયોમાંથી અમારીઘોષણાનાજ હુકમો નીકળતા હતા.

આ સમયે વૃહદ્‌ગચ્છમાં શ્રી વિમલચંદ્રસૂરિ થયા હતા. તેઓ વાદિ દેવસૂરિજીના ગુરૂભાઇ હતા. તેઓના ચારિત્ર ચંદ્રનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ પ્રકાશ ગુર્જરભૂમિને દીપાવતો હતો. કવિતાની પોષક જનની પ્રતિભા શક્તિ તેમના બુદ્ધિબલમાં સ્ફુરી રહી હતી. જૈનશાસ્ત્રના સદ્બોધ સાથે તેમનામાં બીજું ઉત્તમ સાહિત્ય ખીલી રહ્યું હતું. કવિતાના રસિક ઉત્પાદકો સર્વ રસના પોષક—પિતા થઈ શકે છે અને તેથી કવિઓનો ઘણો ભાગ બીજા વિરસરૂપ રસ તરફ દોરાઇ જાય છે. તેવી રીતે આ વિરાગી કવિને થયું ન હતું. તેમના સાહિત્યનો મહાન્ પ્રવાહ કેવલ શાંત રસમાંજ વહેતો હતો, જે તેમના ચારિત્રના સહચરિત મહાવ્રતોનો અલંકારરૂપ થઇ પડયો હતો.

આ વિદ્વાન્ મુનિરાજે સર્વ જ્ઞાનનું મથન કરી ભવ્ય પ્રાણીઓના બોધને માટે "[1]પ્રશ્નોત્તર રત્નમાલા" નામે એક લઘુ ગ્રંથ લખ્યો છે. તેની ઉપર રૂદ્રપાલીયગચ્છના શ્રીદેવેંદ્રસૂરિજીએ એક સવિસ્તર ટીકા રચેલી છે. આ ગ્રંથમાં પોતાના શિષ્યોએ પુછેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપી એક નાના ગ્રંથને ઉત્તમ ગૌરવમાં મુકેલો છે. ગ્રંથની કુલ ગાથાઓ માત્ર ઓગણત્રીશ છે અને તેમાં ઉત્તર સાથે ચોસઠ પ્રશ્નો આપેલા છે, જે આસ્તિક શ્રાવકોના અભ્યાસી યુવકોએ સર્વદા કંઠે રાખી પઠન પાઠન કરવા યોગ્ય છે. ગ્રંથકાર પોતે પણ છેવટે તેવીજ ભલામણ કરે છે—

**रचिता सितपटगुरुणा विमला विमलेन रत्नमालेव ।**
**प्रश्नोत्तरमालेयं कंठगता कं न भूषयति ॥ २९ ॥**

"શ્વેતાંબરી શ્રાવકોના ગુરૂ શ્રીવિમલચંદ્ર સુરિએ રચેલી અ:

1 આવો એક ગ્રંથ વેદધર્મમાં પણ લખાયો છે જે 'मणिरत्नमाला' ને નામે ઓળખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્મલ પ્રશ્નોતર રત્નમાલા જો કંઠમાં રત્નમાલાની જેમ ધારણ કરી હોય તો કેમ સુશોભિત ન કરે ?"

આ વિરાગી કવિની પ્રતિભાબુદ્ધિરૂપ ગુહામાંથી જુદે જુદે પ્રસંગે ચોસઠ પ્રશ્નોત્તર રૂપ રત્નો ઊદ્દભવ્યા છે, જે આબાલવૃદ્ધ સર્વને મનન કરવા યોગ્ય છે. સુરિરાજે પોતાના વિદ્વાન્ શિષ્યોને આજ્ઞા કરી હતી કે, શિષ્યો, પ્રાતઃકાલનું પ્રતિક્રમણ થયા પછી તમારે મને કોઈ વિષય ઉપર પ્રશ્ન કરવા અને મારા તરફથી જે કાંઈ ઉત્તર મલે તે યાદ રાખવા. શિષ્યોએ વિનયથી પ્રાર્થના કરી કે, ભગવન્, આપ જુદા જુદા પ્રશ્નના ઊત્તર આપો તે અમારાથી શી રીતે ધારી શકાય ? માટે તે પ્રશ્ન અને ઊત્તર સાથે આવે એવી મધુર ગાથાઓની રત્નમાલા રચી આપવાની કૃપા કરો. જે અમે સુખેથી કંઠમાં ધારણ કરી રાખીએ.

શિષ્યોની પ્રાર્થનાથી આચાર્ય હર્ષ પામ્યા અને તે વખતેજ તેમણે પ્રશ્નોત્તર રત્નમાલા ગુંથવાનો પ્રારંભ કર્યો. પ્રથમ નીચેની ગાથાથી સૂરિજીએ શ્રીવીરપ્રભુને નમસ્કારાત્મક મંગલાચરણ શરૂ કર્યું—

[1] प्रणिपत्य वर्द्धमानं प्रश्नोत्तररत्नमालिकां वक्ष्ये ।
नागनरामरवंद्यं देवं देवाधिपं वीरम् ॥ १ ॥

"નાગકુમારો મનુષ્યો અને દેવતાઓને વંદન કરવાયોગ્ય દેવાધિદેવ શ્રી વીરપ્રભુને નમસ્કાર કરી "પ્રશ્નોત્તર રત્નમાલા" એ નામના ગ્રંથને કહીશ."

૧ આ લઘુ ગ્રંથમાં બધા શ્લોકો આર્યાવૃત્તમાંજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સમયે પોતાના શિષ્યોના પરિવાર વચ્ચે સુરિશ્રી બોલ્યા--"શિષ્યો, તમારા પ્રશ્નોના ઉત્તરરૂપ જે ગાથા હું રચી આપું તે તમે સત્વર કંઠે કરજો. તે પ્રશ્નોત્તરની ગુંથેલી રત્નમાલા તમને પૂર્ણ રીતે અલંકૃત કરશે, એટલુંજ નહિં પણ જે કોઇ શ્રાવક વા શ્રાવિકા તેને કંઠમાં ધારણ કરશે તે પણ તેનાથી અલંકૃત થઇ સદ્વિચારની સુંદર શોભા સંપાદન કરશે." આ પ્રમાણે કહી તત્કાલ નીચે પ્રમાણે બીજી ગાથા રચી કાઢી, તે શિષ્યોએ તત્કાલ સ્વબુદ્ધિના ઉત્સંગમાં ઝીલી લીધી---

**कः खलु नालं क्रियते दृष्टादृष्टार्थसाधनपटीयान् ।**
**कंठस्थितया विमलप्रश्नोत्तररत्नमालिकया ॥ २ ॥**

"આ નિર્મલ પ્રશ્નોત્તરની રત્નમાલા જો કંઠમાં પહેરી હોય તો આ લોક અને પરલોકના અર્થ સાધવામાં અતિ ચતુર એવો કયો પુરૂષ અલંકૃત થતો નથી"?

અપૂર્ણ.

# વૃતાંત સંગ્રહ.

## શ્રી યશોવિજયજી પાઠશાલા.

પરમ પવિત્ર કાશીપુરી ઘણીજ પ્રાચીન પુરી છે. ભારતવર્ષની સંસ્કૃત વાગ્દેવી-શારદાની રાજધાની છે. વેદમતવાલા તેને મુક્તિ પુરી કહે છે. શ્રી પાર્શ્વનાથપ્રભુની જન્મનગરી, દીક્ષાનગરી, અને જ્ઞાનનગરી પણ તેજ છે. ત્રણસો સાધુઓના પરિવાર સાથે શ્રીપાર્શ્વ પ્રભુએ તે નગરીમાં વિદ્યાવિલાસ કર્યો હતો. પ્રથમ પારણામાં ક્ષીર ભોજન કરી પ્રભુએ જાણે સૂચવ્યું હોય કે, આ વારાણસીમાં રમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્યાસ કરનારા આર્યકોની બુદ્ધિ ક્ષીર જેવી ઉજ્જલ થશે. અહીં ગંગાના પવિત્ર જલનું પાન અભ્યાસીઓની બુદ્ધિને નિર્મલ કરેછે. આર્યભૂમિમાં આઠે પોહોર શારદાનો નિવાસ કાશી શિવાય બીજે નથી. બંગાલાનું બુદ્ધિબલ કાશીથીજ પ્રખ્યાત છે.

આવી ઉત્તમ ભૂમિમાં મોટા પાયા ઉપર એક જૈન પાઠશાલાની જરૂર હતી. જૈન બાલકોની મગજશક્તિ ખીલવવાના ઉંચા સાધનો આ સ્થલે યોજ્યા હોય તો તેથી જ્ઞાનનો મહાન્ ઉત્કર્ષ થવાનો સંભવ છે. તે જરૂર પૂરી પાડવાને વાણારસીમાં "શ્રી યશોવિજયજી પાઠશાલા" સ્થાપવાનો નિશ્ચય થવાના ખબર સાંભળી સર્વ ધર્માભિમાની જૈન સમુદાય ખુશી થયા વિના રહેશે નહીં.

આ મહત્ કાર્યની યોજના કરવામાં મહામુનિ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય મહામુનિ શ્રી ધર્મવિજયજીએ અથાગ શ્રમ લીધો છે. તેઓ પોતાના શિષ્ય પરિવારને લઈ ઉગ્ર પરિષહથી વિહાર કરી તે સ્થાને રહ્યા છે. વિવિધ સ્થલોમાં ઉપદેશ આપી તે કાર્યના સમારંભ માટે એક મોટું ફંડ ઉભું કરવામાં આવ્યું છે, જે આવા સમારંભના પ્રમાણમાં હજુ નાની સંખ્યા ધરાવે છે.

અમો સર્વ શ્રાવક બંધુઓને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે, આ ધર્મના ઉદ્યોતકારક કાર્યમાં સર્વે યથાશક્તિ સહાય આપવી. જો આ મહત્ કાર્યની યોજના ઊત્સાહથી આગળ ચાલશે તો જૈનવર્ગમાં જ્ઞાનનો મહાપ્રકાશ જાહોજલાલી સાથે પ્રકાશિત થશે. અને થોડા સમયમાં વ્યાકરણ, ન્યાય, સાહિત્ય અને તત્વના પારંગત જૈન વિદ્વાનોની ગણના ભારતવર્ષમાં થવા લાગશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઇડરમાં પાઠશાળાનો મેલાવડો.

ગયા સપ્ટેમ્બર માસની તા૦ ૨૯ મંગળવારે શ્રી ઇડરમાં આવેલી "શ્રી આત્માનંદ જૈન શ્વેતાંબર પાઠશાળા"માં અભ્યાસ કરતા બાલક અને બાલકોને ઈનામ આપવાનો એક મોટો મેલાવડો કરવામાં આવ્યો હતો. સભાસ્થાન ત્યાંના વિશાલ ઉપાશ્રયમાં રાખ્યું હતું. આ પ્રસંગે પરોપકારી, પૂજ્યપાદ આચાર્ય શ્રી **કમલવિજયજી** ત્યાં બીરાજતા હતા. આ મહાનુભાવની સાથે મુનિરાજ **શ્રી માનવિજયજી**, તથા મુનિરાજ **શ્રી હિંમતવિજયજી** આદિ બીજા પાંચ મુનિઓ ત્યાં રહેલા હતા. સમાજમાં અમૃતસેહેરના વતની **લાલા રાધાકૃષ્ણજી** તેમના પુત્ર **પન્નાલાલજી** તથા **લાલા મહારાજ મલજી**, પોતાના સ્રી કુટુંબ સાથે આવ્યા હતા. તે શિવાય જીરા સેહેરના વતની **લાલાશીબુ મલજી, લાલાટેકચંદજી** વિગેરે સંભાવિત ગૃહસ્થો હાજર થયા હતા. અભ્યાસી બાલ વર્ગની સંખ્યા પોણોસોની હાજર થઇ હતી.

પ્રથમ પ્રભુસ્તુતિ અને ગુરૂસ્તુતિ કર્યા પછી શ્રાવકોની બાલિકાઓએ આ માસિકના બીજા અંકમાં આપેલાં શ્રી ભારતવર્ષીય આર્હત મહાસમાજના ઉદયાષ્ટકની કવિતા મધુર કંઠે ગાઈ સંભલાવી હતી જે સાંભળી શ્રોતાઓ તલ્લીન થઇ ગયા હતા. ત્યારબાદ લાલા શીબુ મલજીએ "જ્ઞાનવૃદ્ધિ" એ વિષય ઉપર ભાષણ કર્યું હતું.

છેવટે દશ વર્ષના જૈન બાલક મી. ડાયાલાલ જયચંદ્રના વાક્ચાતુર્ય વાલા મધુર ગીતથી પ્રસન્ન થઇ લાલા મહારાજ મલજીએ એક રૂ. ૧૫ ની કીંમતનું ધડિયાલ ભેટ કર્યું હતું. અને તે પાઠશાલાના સમગ્ર વિદ્યાર્થીઓને લાલા શીબુ મલજી અને લાલા ટેકમલજી તરફથી ઇનામો આપવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only